ગાંધીનગર સમાચાર
તા. ૮-૬-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ભારત-બાંગ્લાદેશ મૈત્રીનો નવો અધ્યાય : મોદીના છોગામાં વધુ એક મોરપિચ્છ

પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતો આજનો બાંગ્લાદેશ મૂળે બંગાળનો જ હિસ્સો હતો. એની ભાષા, સંસ્કૃતિ, પહેરવેશ, વગેરે પશ્ચિમ પાકિસ્તાનના ઈસ્લામિક ચોકઠા કરતાં તદ્દન જુદાં પડતા હતા. વળી વસતિમાં ગીચ પરંતુ પ્રદેશની રીતે નાનું હોઈ પૂર્વ પાકિસ્તાન હરહંમેશ ઈસ્લામાબાદનું ઓશિયાળું રહ્યા કરતું હતું. પંજાબી અને સિંધી સંસ્કૃતિ ધરાવતા પશ્ચિમ પાકિસ્તાન જેવી ઈસ્લામિક કટ્ટરતા નહીં કેળવી શક્યું હોઈ એને સુગાળવી નજરે જોવાનું વલણ વરતાતું હતું. આખરે ભારેલા અગ્નિની જેમ શેખ મુજીબુર રહેમાનના નેતૃત્વમાં 'સ્વતંત્ર બાંગ્લાદેશ'ની લડત આરંભાઈ. આ લડતના મૂળમાં ભાષા-સંસ્કૃતિ અને પ્રાદેશિક અસ્મિતા ધરબાયેલી હતી. પાકિસ્તાનની જોહુકમીમાંથી આઝાદ થવા માટે 'અમાર સોનાર બાંગ્લા'નું ટાગોર રૂપકડું સૂત્ર કે ટાંચાં સાધનો ધરાવતી મુક્તિવાહિનીનો બળવો ત્યારે જ કારગત સાબિત થાય જયારે એને ભારતીય સૈન્યની ખુલ્લી મદદ સાંપડી રહે. આ મુદ્દો તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી બરાબર સમજતાં હતા. અળવીતરા પાકિસ્તાનની એક આખી પાંખ તોડી નાખવાની સોનેરી તક ઝડપી લેવામાં એમને વિલંબ ન કર્યો. લાખો શરણાર્થીઓનો બોજ ભારત પર પડતો હોવાનું કારણ આગળ ધરી એમણે 'બાંગ્લાદેશ'ની આઝાદીની લડાઈને નિર્ણાયક તબક્કે પહોંચાડી દીધી. શેખ મુજીબુર રહેમાન દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા પરંતુ પાછળથી એમની સૈન્ય બળવામાં જઘન્ય હત્યા કરાઈ હતી. છેક ૧૯૭૪માં ઈંદિરા ગાંધી અને મુજીબ વચ્ચે થયેલી સીમાવિવાદ વિશેની ચર્ચા અને છેલ્લે ૨૦૦૩માં ડૉ. મનમોહનસિંહની બાંગ્લાદેશ યાત્રા વખતે થયેલ સમજૂતીને અમલી બનાવતાં આટલો લાંબો સમય લાગ્યો, તે બેઉ દેશોની નેતાગીરીની નબળાઈ સૂચવે છે. જો કે રાહુલ ગાંધીએ તાકડે તાકડો સાધીને મમતા બેનરજીના જ ગઢમાં જઈને વ્યક્ત કરેલા ક્ષુલ્લકતાનું તથ્ય પણ છે. મમતા બેનરજી તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના આગ્રહ છતાં બાંગ્લાદેશના પ્રવાસમાં જોડાયાં નહોતા. હજી આ વખતે પણ તીસ્તા નદીના જળવહેંચણીનો મુદ્દો અદ્ધર જ રહ્યો છે. પરંતુ મમતા બેનરજીને સાથે રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાએ વિવાદાસ્પદ વિસ્તારોની અદલાબદલીનો પ્રશ્ન સુમેળપૂર્વક ઉકેલી દીધો છે. વળી, ભારત-બાંગ્લાદેશ વચ્ચે વાહનવ્યવહાર પણ સ્થાપિત કર્યો છે. બેઉ દેશો વચ્ચે 'એન્ક્લેવ' તરીકે સેન્ડવિચ થઈ ગયેલા વિસ્તારો અને ગામડાંની આપલે અંગેનું 'લેન્ડ બોર્ડર એગ્રીમેન્ટ' સંસદમાં ગત ૭ મેના રોજ સર્વાનુમતે પસાર થવાથી આ આપ-લે શક્ય બની છે. એથી સુવિધાઓથી વંચિત રહેતાં ઉપેક્ષિત ગામોને એમની પસંદગીના દેશ સાથે જોડાવાની અનુકૂળતા સાંપડી છે. આવા બાંગ્લાદેશનાં ૫૧ ગામ ભારતને મળ્યા છે તો સામે ભારતનાં ૧૧૧ ગામો બાંગ્લાદેશમાં સમાવાયા છે. જમીનની ગણતરીએ ભારતને દસ હજાર એકર જેટલું નુકશાન થયુ છે, પરંતુ એટલું નુકશાન વેઠીને પણ જે બેઉ દેશો વચ્ચે સરહદ પર થતી વિઘાયક પ્રવૃત્તિઓ પર બ્રેક મારી શકાતી હોય અને વણસેલા સંબંધો સુધરતા હોય તો એ કરાર બેઉ દેશોનાં ફાયદામાં જ ગણાશે. વિશેષ તો ઢાકા-અગરતલા-કોલકાતા અને ઢાકા-શિલોંગ - ગુવાહાટીની શરુ થયેલી બસ સેવા બેઉ દેશોની પ્રજા માટે આશીર્વાદ રુપ લેખાશે. આ બસરૂટ શરુ થવાથી કોલકાત્તાથી ત્રિપુરાની રાજધાની અગરતલા વચ્ચેનું અંતર ૧૧૦૦ કિ.મી. જેટલુ ઘટી જશે! સૌથી મોટી બાબત વ્યૂહાત્મક દૃષ્ટિએ બાંગ્લાદેશને ચીન અને પાકિસ્તાનનું બગલબચ્ચું બનતું અટકાવી શકાશે, તે છે. આ મુદ્દે મોદી નસીબદાર સાબિત થયા છે. કયારેક કોઈનું વાવેલું કોઈ લણે છે. કોંગ્રેસને મળવો જોઈતો હતો તે જશ મોદી તફડાવી શક્યા છે. ઈંદિરા ગાંધીને બાંગ્લાદેશ વિજય ટાણે અટલ બિહારી વાજપેયીએ દુર્ગાનો અવતાર ગણાવેલાં. મોદીએ અટલજીને બાંગ્લાદેશની આઝાદીના શુભેચ્છક તરીકે અપાયેલ સમ્માન પણ એમના વતી સ્વીકાર્યું છે, અને 'હિંદુ' નેતા તરીકે ઢાકેશ્વરી મંદિર તથા રામકૃષ્ણ મઠની મુલાકાત પણ લીધી છે. વળી બાંગ્લાદેશને વીજપુરવઠો તેમજ માતબર આર્થિક સહાય આપી મોદી પરસ્પર વેપારવાણિજ્ય પણ વધારવાનું આશ્વાસન લઈ આવ્યા છે. ભારત હવે બાંગ્લાદેશનાં બંદરો પણ વિકસાવી શકશે. બેઉ દેશો માટે આ 'ઐતિહાસિક' ઘટના છે.

# માત્ર વાક્ય રચનાથી સાચુ ગુજરાતી નથી શીખાતુ જોડણી તો ભાષાનું સાંસ્કૃતિક સૌંદર્ય છે

## સ્કૂલોમાં ગુજરાતીનું પરિણામ સુધારવાના બીજા પણ ઉપાયો છે : ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગઈકાલના ગાંધીનગર સમાચારમાં ડૉ. સોમભાઈ પટેલ દ્વારા એક મંતવ્ય પ્રગટ થયું હતું કે જો ગુજરાતી ભાષામાં જોડણી, સમાસ, છંદ, અલંકાર અને પ્રત્યયો વગેરેને છોડીને માત્ર વાક્ય રચનાની શુદ્ધિને મહત્વ આપવામાં આવે તો ગુજરાતી ભાષાના વિષયનું પરિણામ સુધરી શકે. વળી તેમણે એ પણ જણાવ્યું કે જોડણીમાં તમામ દીર્ઘ ઈ અને તમામ હ્રસ્વ 'ઉ જ રખાય. ડૉ. સોમભાઈ પટેલ ભાષાના વિદ્વાન હશે, એમાં બેમત નથી પરંતુ તેઓ જે માત્ર વાક્યરચનાની શુદ્ધિની વાત કરે છે તે વાક્યરચનાની શુદ્ધિ જ સાચી જોડણી વિના શક્ય નથી. કેમ કે ગુજરાતી ભાષાનો ઉદભવ જ આપણી દેવભાષા સંસ્કૃતમાંથી થયો છે. અને તેથી જ સંસ્કૃત અને ગુજરાતીમાં 'દીર્ઘ અને 'હ્રસ્વ બન્નેનું કેટલું મહત્વ છે. એ તેઓ પણ સારી રીતે જાણતા જ હશે. આપણા શબ્દકોશમાં તમામ શબ્દો 'દીર્ઘ અને 'હ્રસ્વ ને કારણે પોતાના સ્વતંત્ર અર્થો ધરાવે છે. હવે જો આ બધા જ શબ્દોને માત્ર 'દીર્ઘ કે 'હ્રસ્વ કરી નાખીએ તો ભાષામાં અર્થની અનેક અસંદિગ્ધતાઓ ઉભી થશે. વર્ષો પહેલા ઉંઝામાં જોડણી બદલીને ભાષામાં 'એક જ દીર્ઘ ઈ અને 'હ્રસ્વ 'ઉ અમલમાં લાવવાના પ્રયત્નો શરું થયેલા. પરંતુ એ સફળ થયા નહોતા. જે કદી શક્ય જ નથી. અને 'છંદ અલંકાર તો આપણી ભાષાના આભૂષણો છે અને જોડણી તો આપણી ભાષાનું સાંસ્કૃતિક સૌન્દર્ય છે. ગુજરાતી ભાષા શીખતા વિદ્યાર્થીઓને આ સૌન્દર્યથી વંચિત કેમ રાખી શકાય ? અને સમાસ, પ્રત્યય, છંદ આરંભે સમજવામાં અઘરા લાગતા હશે. પણ જો વિદ્યાર્થી અન્ય વિષયોમાં સોમાંથી સો કે નવ્વાણું માર્ક્સ મહેનત કરીને લાવી શકે તો ગુજરાતીમાં કેમ નહી ? અને જો ભાષામાંથી 'જોડણી જ નીકળી જાય તો ભાષા સ્વચ્છંદ બની જાય. આપણા ઘરમાં, સમાજમાં કે રાજયમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી કેટલાક નીતિ નિયમો છે. તેવી જ રીતે ભાષામાં છે. એવું ડૉ. ભટ્ટે જણાવ્યું હતું તેમણે વધુમાં જણાવ્યું કે જોડણી ત્યજીને કોઈપણ માણસ ભાષા કેવી રીતે શીખી શકે ? ગુજરાતીનું પરિણામ આટલું બધું નીચું આવ્યું એનું કારણ જોડણી, છંદ-અલંકાર, સમાસ કે પ્રત્યયો નથી. પરંતુ એ કલાસ રૂમમાં શીખવનાર શિક્ષક છે. ગણિત વિજ્ઞાનના શિક્ષકો જો સોમાંથી સો માર્ક્સ આવે એવું શીખવી શકે તો ગુજરાતીના શિક્ષકો કેમ ન શીખવી શકે ? પણ સત્ય એ છે કે ગુજરાતીના શિક્ષકોનું જ્ઞાન જ ચકાસવામાં નથી આવતું અથવા તેઓ જે શીખવે છે તે માત્ર ઉપર છલ્લું શીખવે છે. ખરેખર તો બધી જ સ્કૂલોના ગુજરાતીના શિક્ષકોને જ સૌપ્રથમ સાચું ગુજરાતી શીખવવાની અને સજ્જ બનાવવાની જરૂર છે. ગુજરાતી ભાષાનું વ્યાકરણ એટલું અઘરું નથી જેટલું અંગ્રેજીનું છે. અને આપણા ગુજરાતી વ્યાકરણના જે અઘરા લાગતા મુદ્દાઓ છે તેને સરળ બનાવી શકાય છે. સરળતાથી શ્રેષ્ઠ રીતે શીખીને શીખવી શકાય છે. ગુજરાતમાં એસ.એસ.સી અને એચ.એસ.સી.માં લાખો વિદ્યાર્થીઓ માતૃભાષામાં નાપાસ થાય એ અત્યંત દુખની વાત છે. આપણે સૌએ આત્મચિંતન કરવાની વાત છે. સ્કૂલ અને શિક્ષકોને જગાડવાની વાત છે. આગામી વર્ષે પણ ગુજરાતની સ્કૂલોમાં માતૃભાષાની આવી અવદશા ન થાય એ માટે શિક્ષણશાસ્ત્રીઓ અને સરકારશ્રી વિચારશે એવી શ્રદ્ધા છે એવું ડૉ. કનૈયાલાલ ભટ્ટ જણાવ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટીની સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયામાં છબરડો

ગાંધીનગર, તા. ૭

ગુજરાત યુનિવર્સિટી ખાતે હાલમાં સેન્ટ્રલાઈઝ પ્રવેશ પદ્ધતિનો અમલ કરી વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી દરમ્યાન વ્યવસ્થા ન ગોઠવતા વિદ્યાર્થીઓને ખુબ પરેશાની ભોગવવી પડી રહી છે. તે બાબતે એનએસયુઆઈએ કુલપતિને રજૂઆત કરી છે.

આજરોજ ગુજરાત યુનિવર્સિટીમાં હાલ ચાલી રહેલ સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયામાં સખત અને સતત છબરડો જોવા મળ્યો હતો. જેના માટે એન.એસ.યુ.આઈ. દ્વારા વિદ્યાર્થીઓ તથા વાલીઓને થતી મુશ્કેલીઓ માટે કુલપતિશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ ઘટના ગુજરાત યુનિવર્સિટીમાં એન.એસ.યુ.આઈ. દ્વારા લગાવવામાં આવેલ હેલ્પ ડેસ્ક પર વિદ્યાર્થીઓ આવતા બહાર આવી હતી.

એસ.સી./બી.સી., ઓબીસી, એસટી તથા એક વર્ષના ડ્રોપવાળા વિદ્યાર્થીઓને સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયાના નિયમ પ્રમાણે દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ચકાસણી કરાવવું ફરજીયાત હતું. તેથી દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ચકાસણી માટે યુનિવર્સિટી દ્વારા વિવિધ કોલેજો ફાળવવામાં આવી છે. એ કોલેજોમાં દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ચકાસણી કરવાનું ચોખ્ખી ના પાડવામાં આવે છે. જેથી લાચાર બનેલા વિદ્યાર્થીઓ સવારથી ધક્કા ખાઈ રહ્યા હતા. સી.બી.એસ.સી.ના વિદ્યાર્થીઓની માર્કશીટ અને લીવીંગ સર્ટિફિકેટ અત્યાર સુધી ના આપ્યા હોવાથી પ્રવેશથી વંચિત રહે તેવી સ્થિતિ સર્જાઈ છે. એન.આર.એસ. હોલ તથા આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરમાં વિદ્યાર્થીઓ માટે પાણીની સગવડ ન હતી. વિદ્યાર્થીઓનો બેઠક નંબર અને પીન નંબર સતત ખોટો બતાવે છે, સર્વર સતત ડાઉન રહ્યું હતુ.

એન.એસ.યુ.આઈ. દ્વારા આવેદનપત્ર આપતા કુલપતિ વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તણુંક કરી હતી. એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોને અભદ્ર અને બિભત્સ ભાષામાં વાત કરી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓની સમસ્યાનું સમાધાન ના આવે તો એન.એસ.યુ.આઈ. દ્વારા ઉગ્ર આંદોલન આપાવની ચીમકી આપવામાં આવી હતી.

# અમદાવાદ ખાતે ૨૯મી અંડર-૯ નેશનલ ચેસ ચેમ્પિયનશીપ-૧૫ યોજાશે

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ ખાતે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા ૨૯મી અંડર-૯ નેસનલ ચેસ ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટ યોજવામાં આવશે. ટુર્નામેન્ટમાં દેશભરમાંથી ૨૫૦ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

ગુજરાત સ્ટેટ એસોસિએશન દ્વારા ૨૯મી અંડર-૯ નેશનલ ચેસ ચેમ્પિયનશીપ યોજાશે. ટુર્નામેન્ટનો શુભારંભ ૧૧ જૂનના રોજ બપોરે ૩.૩૦ કલાકે ગુજરાત સ્ટેટ કો.ઓ. બેન્ક ખાતે અજય પટેલ ચેરમેન ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંકના હસ્તે કરવામાં આવશે.

દેશભરમાંથી ૨૫૦ જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. જેમાં જાણીતા ખેલાડીઓ પણ ઉપસ્થિત રહેશે. ટુર્નામેન્ટમાં ૧૧ રાઉન્ડ સ્વિસ સિસ્ટમ મુજબ યોજાશે ત્યારે ગુજરાત ટીમનું સુકાન પુરુષ કેટેગરીમાં વંશ દોશી અને વિશ્વમ ઠાકર કરશે. તેમજ મહિલા કેટેગરીમાં આન્યા અગ્રવાલ અને મિરાયા ચિનાઈ કરશે. તેમજ દેશના અન્ય ખેલાડીઓમાં મહારાષ્ટ્રની વુમન ચેસ માસ્ટર સંસ્કૃતિ વાનખેડે, ગોવાની વર્લ્ડ યુથ બ્રોન્ઝ મેડાલીસ્ટ મેન્ડોકા લીઓન્યુક, દેશ શાહ, અંડર-૭ સ્કુલ ચેમ્પિયન અદિત્ય મિત્તલ, સી.એમ. નિખિલ મેગીઝનમ તામિલનાડુ સહિત તેલંગાણા, કેરાલા, કર્ણાટક, દિલ્હી, રાજસ્થાન, અંદામાન નિકોબાર અને જમ્મુ અને કાશ્મીરના ખેલાડીઓ કૌવત બતાવશે. ટુર્નામેન્ટનું સમાપન ૧૯ જૂનના રોજ બપોરે ૪.૦૦ વાગે કરાશે. જેમાં ખેલાડીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવશે.

# ગાંધીનગર હોમગાર્ડ યોગ દિવસ મનાવશે

ગાંધીનગર, તા.૭

સમગ્ર વિશ્વમાં ૨૧ જૂનના દિવસે યોગ શિબિર યોજાશે. ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે એક સાથે વિશ્વમાં સવારે ૮-૦૦ વાગે યોગ શિબિર યોજાશે. ગાંધીનગર યુનિટ હોમગાર્ડના સભ્યો યોગ શિબિરમાં જોડાશે. જૂના સચિવાલય પાસે પોઈન્ટ બસ સ્ટેન્ડ પાર્કિંગ ખાતે હોમગાર્ડના જવાનો યોગાસનો કરી સ્વાસ્થ્યને મહત્વ આપશે.

# ડાક અદાલતનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૬

ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર સેકટર-૧૧ ખાતે તા. ૧૮ જૂનના રોજ ૧૧.૦૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ટપાલ સેવાને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર, સે-૧૧ને મોડામાં મોડી તા. ૧૧-૬-૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જઈએ. નિતિ વિષયક ફરિયાદોને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ તેમ અધિક્ષક ડાકઘર ગાંધીનગરે જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




મારું ગળું ભલે બગડી જાય, પરંતુ હું એવા ભાષણ આપીશ એક દિવસ એન્વાયરમેન્ટને સુધરવું જ પડશે.. !! એવું લખજો.

# જીપીએસસી વર્ગ-૨ લેકચરરની પરીક્ષામાં નર્સિંગ કૉલેજના પ્રાધ્યાપકો ઝળક્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગના બે પ્રાધ્યાપકો જીપીએસસીની વર્ગ-૨ લેકચરરની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. નર્સીંગ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર આશા એન. પટેલ જીપીએસસી વર્ગ-૨ લેક્ચરરની પરીક્ષામાં પ્રથમ રેન્ક સાથે ગુજરાતમાં ટોપનું સ્થાન મેળવ્યુ છે. આ ઉપરાંત નર્સીંગ કોલેજના લેકચરર નિતીન દેવડ્યા પણ જીપીએસસી વર્ગ-૨ લેક્ચરરની પરીક્ષામાં ઉત્તિર્ણ થયાં છે. સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલના ચેરમેન વલ્લભભાઈ પટેલે બંને પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.



# દૂરદર્શન દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો

દૂરદર્શન કેન્દ્ર તથા ડીડી ગીરનારના કાર્યક્રમ નિર્દેશક રવિન્દ્ર પરમાર દ્વારા નિર્મિત વિશ્વ પર્યાવરણ દિના થીમ 'સાતસો કરોડ લોકોના સ્વપ્નો સાકાર કરવા આપણી એકની એક જ પૃથ્વીની સંપદા કાળજીથી વાપરીએ' વિષયે પ્રસંગોચિત કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત સંશોધન સહિત અન્ય પ્રવૃત્તિઓ મારફતે પર્યાવરણ તેમજ ઈકોલોજીના સંરક્ષણ અને વ્યવસ્થાપન પ્રતિ સમગ્ર દેશ વ્યાપી સહયોગી બનવાના લક્ષ સાથેની સંસ્થા ગેમી-ગુજરાત એન્વિરોન્મેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટના નિયામક ડૉ. સંજીવ ત્યાગીએ તજજ્ઞ તરીકે ભાગ લીધો હતો. ડૉ. ત્યાગીએ સમસ્ત માનવજાત, સમગ્ર પર્યાવરણ અને સારા અર્થતંત્રના સુચારૂ સંચાલન માટે પોતીકા ગ્રહ એવી આપણી પૃથ્વી પર ઉપલબ્ધ કુદરતી સંપદાની જવાબદારી યુકત વ્યવસ્થાપન પર જ આપણે સૌ છેવટે નિર્ભર છીએ તેવો સૂર આ થીમ મારફતે વ્યકત કર્યો હતો.

સંચાલન દૂરદર્શનના ન્યુઝ રિડર દીપા ઠકકરે કર્યુંહતું. અન્ય તજજ્ઞ તરીકે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા માન્ય સંસ્થાના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના પ્રતિનિધિ તરીકે નરેશ ઠાકરે ભાગ લીધો હતો.

# વન વિભાગ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

'વશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે વન વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત ઈકોલોજીકલ કમિશનના સંયુક્ત ઉપક્રમે ઉજવણી કરવામાં આવી હતી. સંશોધન સંકુલ ખાતે ચિત્ર-સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કેટેગરી-૧ ધોરણ-૧ થી ૮માં પ્રથમ ક્રમે પંડ્યા હીરણમય, દ્વિતિય ક્રમે ફેરૂલ એન. જાદવ તથા તૃતિય ક્રમે ક્રિમા એ. શાહ, કેટેગરી-૨ ધોરણ ૯થી ૧૨માં પ્રથમ ક્રમે હર્ષ જે. પટેલ, દ્વિતિય ક્રમે હેમીન એચ. પાનસેરા તથા તૃતિય ક્રમે રીતુ ડી. પરમાર, ઓપન કેટેગરીમાં પ્રથમ ક્રમે ગૌરાંક કે. પંડ્યા દ્વિતિય ક્રમે એની કુંવરબા ટી. પરમાર તથા તૃતિય ક્રમે ઋતુ એચ. શાહ વિજેતા થયેલ હતા. વિજેતાઓનો ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર તરફથી અનુક્રમે રૂ. ૩,૦૦૦, રૂ. ૨,૦૦૦ તથા રૂ. ૧,૦૦૦ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરની વડી કચેરી ખાતે અત્યાધુનિક પરિક્ષણ પ્રયોગશાળા તથા સંશોધન કેન્દ્રનું લોકાર્પણ વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલના વરદ્ હસ્તે તથા પી.કે. તનેજા, (અધિક મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગ) કે.યુ. મિસ્ત્રી (ચેરમેન, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ડૉ. દિનેશ મિશ્રા, ડૉ. જે.એ. ખાન, ડૉ. એસ.સી. પંત, ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ અક્ષય સકસેના, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ હાર્દિક શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુંહતું.

# મેટરનીટી બેનીફીટ એક્ટ, ૧૯૬૧ સંદર્ભે જોઇએ તો ખાસ કરીને સ્ત્રી કામદારોને બાળકના જન્મ બાદ છ અઠવાડિયા સુધી જે તે માલિકે શ્રમિક મહિલાને ફરજિયાત રજા આપવાની જોગવાઇ છે

મહિલાઓ અને શ્રમિક કાયદાઓ સંદર્ભમાં આપણે ચર્ચા કરી રહયા છીએ. આજથી વર્ષો પહેલાં અમેરિકાના કાપડ મીલની મહિલા કામદારોએ સરખા કામ માટે સરખા વેતનની માંગણી સંદર્ભમાં લડત ચલાવેલી અને તે લડતને યાદ કરવા માટે જ આજે વિશ્વભરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી થાય છે. શ્રમિક મહિલાઓ એ સંદર્ભમાં જયારે વિચાર કરીએ ત્યારે મહિલાઓનું ગૃહ જીવન અને પુરક રોજી રોટીમાં તેણીને કરવો પડતો કઠોર પરિશ્રમ તે બંને વિચાર માંગી લે છે. ખાસ કરીને સ્ત્રીઓને બાળકોની પણ જવાબદારી હોય છે જયારે નાના બાળકો હોય ત્યારે વિશેષ જવાબદારી હોય છે અને બાળકના જન્મ સમયે તેમજ જન્મ પહેલા અને બાળકના જન્મ પછી મહિલાને વિશેષ કાળજી આવશ્યક છે અને આમ મેટરનીટી બેનીફીટ એકટ જાણવો વધારે જરૂરી છે.

મેટરનીટી બેનીફીટ એકટ, ૧૯૬૧ સંદર્ભે જોઈએ તો ખાસ કરીને સ્ત્રી કામદારોને બાળકના જન્મ બાદ છ અઠવાડિયા સુધી જે તે માલીકે શ્રમિક મહિલાને ફરજિયાત રજા આપવાની જોગવાઈ છે. અત્રે એ બાબતનો ઉલ્લેખ કરીએ કે જો ડિલેવરી બાદ બાળકનો જન્મ થાય તો પણ અને કદાચ કેટલીક સ્ત્રીઓને મીસ ડીલેવરી પણ થાય છે તો તેવા સંજોગોમાં પણ આ રજા મળી શકશે. કોઈપણ શ્રમિક મહિલા કે જે ડીલેવરી પહેલા ખરેખર જે દિવસોએ ગેરહાજર રહી હોય અને ડીલેવરી બાદ છ અઠવાડિયાના દિવસોનો પગાર સરેરાશ વેતનદરે મેળવવા હકકદાર છે એટલે કે માલીકે આ પ્રકારનો સરેરાશ પગાર ચુકવી આપવાની ફરજ છે. વિશેષ રીતે નોંધમાં લઈએ તો આ સમય દરમ્યાન એટલે કે બાળકના જન્મ સમય દરમ્યાન અને ડિલેવરીના છ અઠવાડિયા દરમ્યાન સ્ત્રી કામદારને બર તરફ કરી શકાશે નહી અને નોકરીમાંથી પણ છુટા કરી શકાશે પણ નહી. સ્ત્રી કામદારને ડિલેવરી પહેલાના છ અઠવાડિયા અને ડિલેવરી પછીના છ અઠવાડિયાનો રજાનો લાભ મળી શકશે.

કોઈપણ સ્ત્રી કર્મચારીને સગર્ભા અવસ્થા દરમ્યાન જોખમકારક કામમાં સાંકળી શકાશે નહી. વિશેષ ઉલ્લેખનીય છે કે કોઈપણ સગર્ભા મહિલાને તેણીની સગર્ભા અવસ્થાને કારણે ઉભી થયેલ માંદગી, કેટલીકવાર બાળકનો વહેલો જન્મ થાય તો તેના કારણે ઉભી થયેલ માંદગી આવા બધા સંજોગોમાં સ્ત્રી કામદારને એક માસ સુધીના ચડતા પગારની રજા અને રૂા.૨૫૦/- મેડીલક બોનસને પાત્ર છે. જો માલિક મેડીકલ સારવારની સગવડ પુરી પાડતા હોય તો આવા પ્રકારના માલિકને જે તે સ્ત્રી કર્મચારીને મેડીકલ બોનસ આપવાનું ફરજિયાત હોતું નથી.




સ્ત્રી કામદારને સગર્ભા અવસ્થા દરમ્યાન અને ડિલેવરી બાદ આ પ્રકારે રજાનો લાભ તો મળે છે પરંતુ ખાસ કરીને બાળકના જન્મ બાદ બાળક અંગેની પણ પ્રાથમિક જવાબદારીઓ અદા કરવાની હોય છે. આવી પ્રાથમિક જવાબદારીઓ અદા કરવા માટે સ્ત્રી કામદારને બાળક ૧૫ માસનું થાય ત્યાં સુધી પોતાના કામના કલાકો દરમ્યાન બે વખત રીસેશ મળી શકે છે. લેબર લોઝ સંદર્ભમાં દરેક કાયદામાં ઘોડીયાઘર, સ્થળ પર જમવા બેસવાની સગવડ, અલગ બાથરૂમ વગેરે જોગવાઈઓ છે. ખાસ કરીને જે રાજયમાં અથવા તો જયાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્યોરન્સ એકટ લાગુ નહી પડતો હોય તે જગ્યાએ જ મેટરનીટી બેનીફીટ એકટ લાગુ પડે છે.

એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્યોરન્સ એકટ અને મેટરનીટી બેનીફીટ એકટ સંદર્ભમાં જોઈએ તો આ કાયદાઓ હેઠળ મહિલા કર્મચારીઓને એક વર્ષમાં ૧૬૦ દિવસ કામ કર્યુ હોય તો લાભ મળે છે આ બાબતનો જયારે ઉલ્લેખ કરીએ ત્યારે એમ વિચાર આવે કે ઘણાંબધા કામો એવા છે કે જે સિઝન મુજબના કામ થતાં હોય છે. મોટા ભાગની શ્રમિક મહિલાઓ એક જગ્યાએ સળંગ કામ કરતી હોતી નથી એટલેકે કામ ચલાઉ કામદાર તરીકે કામ કરતી હોય છે અને તે રીતે જોઈએ તો એમ વિચાર આવે કે, કામ ચલાઉ કામ કરતી શ્રમિક મહિલા પણ એક મહિલા જ છે ને? એટલું જ નહી પોતાના ઘરે બેસીને છૂટક અને પરચુરણ કામ કરીને જે બહેનો રોજીરોટી મેળવે છે આવા બહેનોની સંખ્યા પણ કાંઈ ઓછી નથી. ખાદ્ય પદાર્થ સંદર્ભમાં મોટા ભાગના ગૃહ ઉધોગમાં મહિલાઓ સંકળાયે હોય છે. પાપડ વણવા, પાણીપુરીની પુરી બનાવવી, વિવિધ પ્રકારના નાસ્તા બનાવવા, ખાખરા ઉદ્યોગ, મસાલા, અથાણાં, આવા મોટા ભાગના ઉદ્યોગ કે જે ગૃહ ઉદ્યોગ તરીકે વિકસ્યા છે અને આવા બહેનો સાથે રોજબરોજ અમો જોડાયેલા છીએ તો આવા બહેનોને પણ બાળકના જન્મ સમયે બાળકના જન્મ પહેલા અને બાળકના જન્મ બાદ કામમાં રુકાવટ આવે છે અને તેઓના કોઈ એક માલિક નહી હોય કોઈપણ પ્રકારના મેટરનીટી બેનીફીટ મળી શકતા નથી. આવા પ્રકારની મહિલાઓ માટે વિવિધ આરોગ્ય યોજના અંતર્ગત અનેક પ્રકારે યોજનાઓ અસ્તિત્વમાં છે. આ પ્રકારની યોજનાઓ આજ કોલમમાં આપણે ભવિષ્યમાં સમજીશું. ફરીથી એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટ પર આવીએ તો,

એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટ, ૧૯૪૮ હેઠળ મહિલા કામદારને પ્રસુતી અંગેના લાભ જોઈએ તો, આવી મહિલા કર્મચારીએ ૧૩ અઠવાડિયા જેટલા સમયનો ફાળો ભરેલો હોવો જોઈએ. મહિલા કર્મચારીને જો અધૂરા માસે બાળક જન્મે અથવા કસુવાવડના લીધે માંદગી આવે તો તે વિષેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી તેને પ્રસૂતિના લાભ ઉપરાંત એક માસ જેટલા દિવસો માટે વેતનથી કામ ન કર્યુ હોય તેટલા દિવસનો વધારાનો લાભ મળી શકશે. એ ખાસ નોંધવું જોઈએ કે પ્રસૂતિનો લાભ મેળવનાર સ્ત્રીને તેનો માલિક બરતરફ કરી શકે નહીં અથવા છૂટી કરી શકે નહીં અથવા તો શિક્ષા કરી શકે નહી. માલીક તરફથી આ તમામ લાભ મેળવનાર મહિલાએ નિશ્ચિત કરેલી હોસ્પીટલમાં જ રહીને સારવાર લેવી જોઈએ તેવી કાયદાકીય જોગવાઈ છે.

આપણે જોયુ કે સ્ત્રી ગર્ભવતી છે તેને કારણે જે તે મહિલાને નોકરીમાંથી છૂટા કરી શકાય નહી તેવી કાયદાકીય જોગવાય છે પરંતુ કેટલીક કંપનીઓના બાયલોઝ એ પ્રકારના હતા કે જેમાં સ્ત્રી કામદાર એ ગર્ભવતી થાય તો છૂટા કરી દેવા જોઈએ. એર ઈન્ડિયા ઓમ્પ્લોઈઝ સર્વિસ રેગ્યુલેશનમાં એવી જોગવાઈ છે કે સ્ત્રી કામદારને જો ગર્ભ રહે તો તેને નોકરીમાંથી છૂટા કરવા જયારે ભારતીય બંધારણમાં આર્ટીકલ -૧૪ એ કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ સંદર્ભે જોગવાઈ છે. જો બંધારણમાં આ પ્રમાણે જોગવાઈ હોય તો બીજો કાયદો એવો ન હોવો જોઈએ કે જે કોઈ વ્યકિત માત્ર સ્ત્રી હોવાને કારણે કોઈપણ બાબત સહન કરવી પડે.

એર ઈન્ડિયા વિરુધ્ધ નરગીશ મીરઝાનો કેસ આ સંદર્ભમાં જાણીતો છે. એક એર હોસ્ટેસ કે જે ગર્ભવતી થતા તેણીને નોકરી બાબતે પ્રશ્નો ઉભા થયાં અને તેણીએ સર્વોચ્ચ અદાલતમાં બંધારણના આર્ટિકલ-૧૪ નો ઉલ્લેખ કરીને કાયદા સમક્ષની સમાનતા જો હોય તો તેણી માત્ર સ્ત્રી હોવાને કારણે ગર્ભ ધારણ કરે છે અને માતૃત્વ ધારણ કરવું એ તેને જન્મથી મળેલો અધિકાર છે તેમ જણાવીને એ બાબતે પ્રશ્નાર્થ ઉભો કર્યો કે જે જન્મથી મળેલા અધિકાર હોય તે અધિકાર કોઈ કાયદા દ્વારા છીનવી શકાય ખરો નરગીસ મીરઝા પોતાના અધિકારનો જાગૃતિ દાખવવા બદલ આજે પણ કોઈપણ જગ્યાએ સમાનતાના અધિકારની વાત થાય ત્યારે યાદ કરવામાં આવે છે.

ભારતીય બંધારણમાં અનુચ્છેદ-૧૫ (૩) અંતર્ગત સ્ત્રીઓના આર્થિક અને સામાજીક ઉત્થાન માટે જોગવાઈ કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે આ બાબતમાં આપેલા ચુકાદાઓ તેમજ શ્રમિક મહિલાઓ સંદર્ભના વિશેષ કાયદાઓની જાણકારી સાથે મળીએ આવતે અંકે...